# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૫૬ (A) તા. ૪-૮-૧૭**

**ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-**

**વિષય :** **પ્રાથમિક/ માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા – ૨૦૧૭**

**સંદર્ભ :** **રાજ્ય પરીક્ષાબોર્ડ ગાંધીનગરનું તા:૨/૮/૨૦૧૭ નું જાહેરનામું**

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ગુજરાત શિક્ષકશ્રીના ગુજરાત સરકારના શિક્ષણવિભાગના સંદર્ભિતપત્ર મુજબ રાજ્યપરીક્ષાબોર્ડ કચેરી દ્વારા લેવાના ચિત્રકામ પરીક્ષા – ૨૦૧૭ નો કાર્યક્રમનું જાહેરનામું આ સાથે સામેલ છે. તે મુજબ દરેક શાળાએ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઈટ પર તા: ૧૮/૦૮/૨૦૧૭થી તા: ૧૫/૯/૨૦૧૭ દરમિયાન ઓનલાઈન ભરવાના રહેશે. ભરાયેલા આવેદનપત્રો તા: ૨૨/૯/૨૦૧૭ સુધી જરૂરી બિડાણ સાથે સીઆરસી-કો.ઓર્ડિ. ને મોકલી આપવાના રહેશે.

પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા તા: ૧૭/૧૧/૨૦૧૭ અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા ૧૮/૧૧/૨૦૧૭ અને તા:૧૯/૧૧/૨૦૧૭ ના રોજ યોજાનાર છે.

**બિડાણ : રાજય પરીક્ષાબોર્ડનું તા: ૨/૮/૨૦૧૭ નું પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા -૨૦૧૭નું જાહેરનામું**

**તા.૪-૮-૧૭**

**ડૉ. એલ.ડી.દેસાઈ**
**શાસનાધિકારી**

# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા.,સેકટર-૨૧,ગાંધીનગર

**"પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા - ૨૦૧૭"**

**"ELEMENTARY INTERMEDIATE DRAWING GRADE EXAM-2017 "**

**જાહેરનામું:-ક્રમાંક:રાપબો/ચિત્રકામ પરીક્ષા/૨૦૧૭/ 4909-5000** **તારીખ:૦૨/૦૮/૨૦૧૭**

ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ,ગાંધીનગરનાં તા.૧૭/૫/૧૯૯૩ના ઠરાવ ક્રમાંક:ચિકપ/ ૧૦૯૨/૨૨૬૫/ગ-૧,અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ કચેરી દ્વારા લેવાનાર ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૭નો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

**આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પરતા:૧૮/૦૮/૨૦૧૭ થી તા:૧૫/૦૯/૨૦૧૭ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.**

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | | તારીખ |
|---|---|---|---|
| ૧ | જાહેરનામુ પ્રસિદ્ધ થયા તારીખ | | ૦૨/૦૮/૨૦૧૭ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | | ૧૮/૦૮/૨૦૧૭ થી ૧૫/૦૯/૨૦૧૭ |
| ૩ | પરીક્ષા માટેની ફી ભરવાનો સમયગાળો | | ૧૮/૦૮/૨૦૧૭ થી ૧૮/૦૯/૨૦૧૭ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલ આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | | ૨૨/૦૯/૨૦૧૭ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીની કચેરીએ આવેલ આવેદન પત્રોની ચકાસણી કરી ર.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરી DPEO કચેરીમાં આવેદનપત્રોની હાર્ડકોપી તેમજ અપ્રુવલ યાદી જમા કરાવવાની અંતિમ તારીખ | | ૦૭/૧૦/૨૦૧૭ |
| ૬ | DPEO કચેરીએ તાલુકા કક્ષાથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી તેમજ અપ્રુવલ યાદી રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | | ૧૩/૧૦/૨૦૧૭ |
| ૭ | પરીક્ષા તારીખ | પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | ૧૭/૧૧/૨૦૧૭ |
| | | માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | ૧૮/૧૧/૨૦૧૭<br>૧૯/૧૧/૨૦૧૭ |

## ❖ ઉમેદવારની લાયકાત :-

- પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા:- ધોરણ-૫ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ
- માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા:- માટે ધો-૮ પાસ અથવા પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

## ❖ પરીક્ષા ફી :-

- પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાની ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
- માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાનીફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે. કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

**ફી સ્વીકાર કેન્દ્રઃ-**

- ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસોમાં આવેદનપત્ર ભર્યા બાદ ફીના ચલણની પ્રિન્ટ કાઢી ફી ભરી શકાશે. ત્રણ ભાગમાં પ્રિન્ટ થયેલ ચલણ પૈકી બે ભાગ પોસ્ટ ઓફીસ દ્વારા પરત આપવામાં આવશે.પોસ્ટ ઑફીસ દ્વારા ફી ભરનારને પોસ્ટ ઑફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે જે તે કન્ફર્મેશન નંબરથી જ ફી ભરાયેલ છે કે નહિ તેની ચકાસણી કરી લેવાની રહેશે.
- ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD /NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે Print Application/Challan ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ Online Paymentઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking of fee" અથવા Other Payment Mode"ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું સ્ક્રીન પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો સ્ક્રીન પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફી ની રકમ કપાયા બાદ ફી ની e-receipt જનરેટ ન થઇ હોય તો તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલથી સંપર્ક કરવાનો રહેશે.

## ❖ પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા નવેમ્બર-૨૦૧૭ કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૧૭/૧૧/૨૦૧૭ | શુક્રવાર | ૧૦.30થી ૧.00 | નેચર |
| પેપર -૨ | ૧૭/૧૧/૨૦૧૭ | શુક્રવાર | ૧.30થી ૪.00 | ભાતચિત્ર |
| પેપર -૩ | ૧૭/૧૧/૨૦૧૭ | શુક્રવાર | ૪.30 થી ૫.30 | ચિત્ર સંયોજન |

## ❖ માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા નવેમ્બર-૨૦૧૭ કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૧૮/૧૧/૨૦૧૭ | શનિવાર | ૧૦.30 થી ૧.30 | માનવસર્જિત પદાર્થ |
| પેપર -૨ | ૧૮/૧૧/૨૦૧૭ | શનિવાર | ૨.30 થી ૫.30 | ભાતચિત્ર |
| પેપર -૩ | ૧૯/૧૧/૨૦૧૭ | રવિવાર | ૧૦.30 થી ૧.30 | ચિત્ર સંયોજન |
| પેપર -૪ | ૧૯/૧૧/૨૦૧૭ | રવિવાર | ૨.30થી ૪.30 | અક્ષરલેખન |

❖ <u>પરીક્ષા કેન્દ્ર:</u>

- જે શાળામાંથી પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ બંન્ને પરીક્ષાના મળીને કુલ ૧૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા હશે તે શાળાને પરીક્ષા માટેનું અલગ કેન્દ્ર ફાળવવામાં આવશે.
- જે શાળામાંથી પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ બંન્ને પરીક્ષાના મળીને કુલ ૧૦૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ નોંધાયેલા હશે, તેવી શાળાઓના વિદ્યાર્થીઓને નજીકની શાળામાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવશે.

❖ <u>ઓનલાઇન અરજી કરવાની રીત :-</u>

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર <u>તા:૧૮/૦૮/૨૦૧૭ (બપોરના ૧૫.૦૦) થી તા:૧૫/૦૯/૨૦૧૭ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)</u> દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપરClick કરવું.
- <u>"ELEMENTARY DRAWING GRADE EXAM – 2017"</u> અથવા <u>"INTERMEDIATE DRAWING GRADE EXAM – 2017"</u> સામે Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે.
- અહિં સૌપ્રથમ શાળાની વિગત ભરવાની રહેશે. આ માટે શાળાના ડાયસ કોડ નાખવાનો રહેશે. ડાયસ કોડના આધારે શાળાની વિગતો આપોઆપ Application માં આવી જશે.
- ત્યારબાદ શાળામાં આ પરીક્ષા આપવા માગતા વિદ્યાર્થીની વ્યક્તિગત માહિતી ભરવાની રહેશે.
- અહિં એક સાથે શાળાના વધુમાં વધુ ૧૫ વિદ્યાર્થીઓની માહિતી ભરી શકાશે.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં Application Number Generate થશે. જે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo-Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Confirm Application પર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. <u>અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો</u>

અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશેનહી.

- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં અથવા ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.

## ❖ શાળાએ કરવાની કાર્યવાહી:

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રોની પ્રિન્ટ ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજ્ય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે **તા:૨૨/૦૯/૨૦૧૭** સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

## ❖ તાલુકાપ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીએ કરવાની કાર્યવાહી:

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીશ્રીની કચેરીએ આવેલ આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરી **તા:૦૭/૧૦/૨૦૧૭** સુધીમાં DPEO કચેરીમાં આવેદનપત્રોની હાર્ડકોપી તેમજ એપ્રુવલ યાદી જમા કરાવવાની રહેશે.

## ❖ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીએ કરવાની કાર્યવાહી:

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તથા એપ્રુવલ યાદી **તા:૧૩/૧૦/૨૦૧૭** સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

## ❖ જરૂરી આધારો / પ્રમાણપત્રો :

- ઓનલાઇન ભરેલ આવેદનપત્રોની પ્રિન્ટ કાઢી તેની સાથે ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી) સાથે જોડવાનું રહેશે.

## ❖ માર્ગદર્શક સૂચનાઓ ::

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, ખાનગી શાળાઓમાં આ જાહેરનામાની નકલ તા:૧૮/૦૮/૨૦૧૭ સુધીમાં ફરજીયાતપણે મોકલી આપવાની રહેશે.
- કોઇપણ શાળામાંથી જાહેરનામું ના મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીની રહેશે.

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામઓનલાઇન આવેદનપત્રોની પ્રિન્ટ ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજ્ય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે તા:૨૨/૦૯/૨૦૧૭ સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીશ્રીની કચેરીમાંજમા કરાવવાના રહેશે.
- માધ્યમિક તથા ઉચ્ચ પ્રાથમિક શાળાઓ દ્વારા ભરાયેલ આવેદનપત્રો સંબધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીએ આવેલ આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડદ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરી તા:૦૭/૧૦/૨૦૧૭ સુધીમાં DPEO કચેરીમાં આવેદનપત્રોની હાર્ડકોપી તેમજ એપ્રુવલ યાદી જમા કરાવવાના રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તથા એપ્રુવલ યાદી તા:૧૩/૧૦/૨૦૧૭ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ **અગત્યની સૂચનાઓ ::**

- **વિદ્યાર્થી અથવા શાળા દ્વારા તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.**
- **અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**
- **અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.**
- **જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ થયા અંગેની પ્રેસનોટ આપી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.**

**સ્થળ:- ગાંધીનગર**
**તા:૦૨/૦૮/૨૦૧૭**

**(પી.એ.જલુ)**
**અધ્યક્ષ**
**રાજ્ય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**

➢ **નકલ રવાના અમલાર્થે**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  જિલ્લાની તમામ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી, તમામ

આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

- પ્રમુખશ્રી, કલા શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- મેનેજરશ્રી,બીલડેસ્ક,અમદાવાદ

➢ **<u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>**

- માન.શિક્ષણમંત્રીશ્રીનાઅંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૫૬ (B) તા. ૪-૮-૧૭**

**ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-**

વિષય: ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ અંગે.

સંદર્ભ: પ્રા.શિ.નિયામક/ ચ-૧/ઉપચારાત્મક /૨૦૧૭-૧૮/૬૨૩૨૮૫/તા: ૩૧/૭/૨૦૧૭

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આપ સૌ જૂન માસમાં સત્રના પ્રારંભથી જ સજ્જતાપોથીઓની મદદથી ધો: ૨ થી ૮ માં સઘન ઉપચારાત્મક કાર્ય કરી રહ્યા છો. જેનાથી બાળકોમાં પાયાના કૌશલ્યોનો વિકાસ થઈ રહ્યો છે. જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન યોજાયેલ ગુણોત્સવ-૭ના પરિણામને આધારે સંદર્ભિત પત્ર મુજબ તા. 03 ઓગષ્ટ ૨૦૧૭ થી ૦૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ દરમિયાન ઉપચારાત્મક શિક્ષણકાર્ય હાથ ધરવાનું છે. આપની શાળામાં આ કાર્યક્રમનું સુચારુ અમલીકરણ કરવાનું રહેશે.

ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ અંગે નીચેની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

- ઉપચારાત્મક કાર્યક્રમ માટે ગુણોત્સવ-૭ ના પરિણામ પૈકી માત્ર શૈક્ષણિક (૬0% પૈકી) બાબતોના ગ્રેડને ધ્યાને લેવાનો રહેશે.
- **તમામ શાળાઓ** (D ગ્રેડ સહિતની) માં ધોરણ: 3 થી ૮ માં વાચન, લેખન અને ગણનમાં બાળકોની જરૂરિયાત મુજબ મોટી રીશેષ પહેલાં ૧ કલાક માટે વાંચન, લેખન તેમજ મોટી રીશેષ પછી ૧ કલાક ગણનનું ઉપચારાત્મક કાર્ય જે તે ધોરણના વર્ગશિક્ષક દ્વારા કરાવવાનું રહેશે.
- ગુણોત્સવ-૭માં શૈક્ષણિક બાબતોમાં D ગ્રેડ મેળવનાર તમામ શાળાઓમાં નીચે દર્શાવેલ શાળા સમય દરમિયાનના બે કલાક ઉપરાંત શાળાના તમામ શિક્ષકોએ નીચે દર્શાવ્યા મુજબ એક કલાક વધારે શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.
- જે શાળા મર્જ થઈ હોય તે શાળા માટે પણ જો ગુણોત્સવ – ૭ માં D ગ્રેડ આવેલ હોયતો તે શાળા જે શાળામાં મર્જ થયેલી છે. તે શાળામાં ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું રહેશે.

| ગુણોત્સવ - ૭ માં D ગ્રેડવાળી શાળાઓએ વધારાના ૧ કલાક માટે ઉપચારાત્મક કાર્ય કરવાનો સમય | | | |
|---|---|---|---|
| | સવારપાળી | બપોરપાળી | ૧૧ થી ૫ |
| સોમવાર થી શુક્રવાર | ૧૨.30 થી ૧.30 | ૧૧.30 થી ૧૨.30 | ૧૦.00 થી ૧૧.00 |
| શનિવાર | ૧૧.00 થી ૧૨.00 | ૪.00 થી ૫.00 | ૧૧.00 થી ૧૨.00 |

- જે તે વિષયશિક્ષકે પોતાના તાસ દરમિયાન દરેક ધોરણને અનુરૂપ પોતાના વિષય સંબંધિત ઉપચારાત્મક કાર્ય કરાવવાનું રહેશે. ધોરણ ૬ થી ૮ માટે જી.સી.ઇ.આર.ટી. દ્વારા આપવામાં આવેલ વિષયવાર કઠીન બિંદુઓને ધ્યાનમાં લઇ વિષયોનું જરૂરી ઉપચારાત્મક કાર્ય કરવાનું રહેશે.
- ગુણોત્સવ-૭ નું બાળકવાર પરિણામ ગુણોત્સવની વેબસાઈટ પર ઉપલબ્ધ છે જે સી.આર.સી. મારફત મેળવી લેવાનું રહેશે. ઉપચારાત્મક કાર્ય માટે આ માહિતી બેઝલાઈન માહિતી ગણાશે.

- દર પંદર દિવસે વર્ગખંડની સંકલિત માહિતી શાળા કક્ષાએ અને શાળાની સી.આર.સી. કક્ષાએ, સી.આર.સી.ની યુ.આર.સી. કક્ષાએ તેમજ યુ.આર.સી. ની માહિતી ADPCTT ને મોકલવાની રહેશે. આ માટે આપવામાં આવેલા નિયત પત્રકમાં જ માહિતી મોકલવાની રહેશે.
- ધોરણ ૩ થી ૮ ના તમામ બાળકોની માહિતી 0 થી ૧0 ના ગુણાંકમાં જ નિભાવવાની છે જેની ખાસ નોંધ લેશો.
- અગાઉ શાળા કક્ષાએ આપવામાં આવેલ તાલીમ અને સાહિત્યનો તથા ચાલુ વર્ષે આપેલ વિદ્યાર્થી સજ્જતાપોથીનો ઉપયોગ કરવાનો છે. જરૂર જણાયે રાજ્ય કક્ષાએથી તાલીમના આયોજન અંગે આપને જાણ કરવામાં આવશે.
- ઉપચારાત્મક શિક્ષણ અંતર્ગત શ્રુતલેખન અને ગણન માટે બાળકોએ કરેલ સજ્જતાપોથીનું લેખનકાર્ય તથા નોટબુકમાં કરેલ લેખનકાર્યને શિક્ષક દ્વારા રોજેરોજ ચકાસવાનું અને સુધારવાનું રહેશે. શિક્ષકે કરેલ ચકાસણીની તારીખ પણ વિદ્યાર્થીની નોટબૂકમાં અને સજ્જતાપોથીમાં લખવાની રહેશે.
- સમગ્ર કાર્યક્રમ દરમિયાન દરેક તબક્કે સઘન મોનીટરીંગ અને સુપરવિઝન કરવામાં આવશે. આ અંતર્ગત પ્રથમ તબક્કે શાળાના મુખ્યશિક્ષક દ્વારા દરરોજ કોઈ એક વર્ગના બાળકોને મુખર વાચન, શ્રુતલેખન અને ગણન કરાવવાનું રહેશે અને શિક્ષક દ્વારા થયેલ કાર્યની સમીક્ષા કરવાની રહેશે.
- સારી રીતે કામ ન કરનાર શિક્ષક/ મુખ્યશિક્ષક/ સી.આર.સી.-યુ.આર.સી-કો.ઓ. વગેરેની જવાબદારી નિયત કરીને જરૂરી શિસ્ત વિષયક પગલાં લેવામાં આવશે. બાળકોના મૂલ્યાંકન અંગેની ખોટી માહિતી આપનાર કે નિભાવનાર શિક્ષક/મુખ્યશિક્ષક/સી.આર.સી./યુ.આર.સી.-કો.ઓ./સુપરવાઈઝર વગેરેની જવાબદારી નિયત કરીને જરૂરી શિસ્ત વિષયક પગલાં લેવામાં આવશે.

**બિડાણ : (૧) પત્રક ૧ અને પત્રક :૨**

**(૨) ગુણોત્સવ – ૭ માં શૈક્ષણિક ૬૦% બાબતો અંતર્ગત D ગ્રેડ મેળવનાર શાળાઓની યાદી.**

**તા.૪-૮-૧૭**

**ડૉ. એલ.ડી.દેસાઈ**
**શાસનાધિકારી**

# ઉપચારાત્મક શિક્ષણકાર્ય મોનીટરીંગ પત્રક

- ❖ મોનીટરીંગમાં જનારનું નામ : ______________________
- ❖ શાળાનું નામ : ______________ ક્લસ્ટર: __________ તાલુકો: __________
- ❖ મુલાકાત તારીખ : ______________________ જિલ્લો : __________

➤ ઉપચારાત્મક કાર્ય અંગેનો પરિપત્ર શાળામાં છે? હા / ના.

| ક્રમ | વિગત | વર્ગ 1<br>ધોરણ -<br>હા / ના | વર્ગ 2<br>ધોરણ -<br>હા / ના |
|---|---|---|---|
| 1 | ગુણોત્સવ - 6નું બાળકવાર પરિણામ વર્ગશિક્ષકને મળેલ છે? | | |
| 2 | દરેક બાળકની ઉપચારાત્મક માટેની વ્યક્તિગત નોટબુક છે? | | |
| 3 | દરેક બાળકનું લેખન અને ગણન કાર્ય વર્ગશિક્ષકે નિયમિત રીતે ચકાસેલ છે? | | |
| 4 | વર્ગશિક્ષક મારફત થયેલું મૂલ્યાંકન સાચું છે?<br>(બાળકોનું વાચન, લેખન અને ગણન ચકાસવું) | | |
| 5 | ઉપચારાત્મક કાર્ય સંદર્ભે કોણે કેટલી વખત આ વર્ગની મુલાકાત લીધી છે? | મુલાકાત સંખ્યા | મુલાકાત સંખ્યા |
| | મુખ્ય શિક્ષક | | |
| | C.R.C. Co. | | |
| | B.R.C. Co. / U.R.C. Co. | | |
| | B.R.P. | | |
| | DIET Lecturer | | |
| | કે.નિ. / સુપરવાઇઝર | | |
| | Others | | |

અન્ય અવલોકનો / સૂચનો/ વિશેષ નોંધ :

______________________

______________________

______________________

______________________

______________________

# ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ - ૨૦૧૫
## શાળાનું એકંદરી પત્રક-૨

શાળાનું નામ : ..............................................

| ધોરણ | કૌશલ્ય | 31 જુલાઇના રોજ (જે તે ગુણ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | | | | | | | 31 ઓગષ્ટના રોજ | | | | | | | | | | | | 30 સપ્ટેમ્બરના રોજ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | Total | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | Total | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | Total |
| 2 | વાચન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 3 | વાચન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 4 | વાચન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 5 | વાચન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 6 | વાચન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 7 | વાચન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| 8 | વાચન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Total | વાચન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

| ક્રમ | ઝોન | શાળાનું નામ | શૈક્ષણિક મૂલ્યાંકન 60% | ગ્રેડ |
|---|---|---|---|---|
| 1 | SOUTH | BAHERAMPURA-3 | 2.8 | D |
| 2 | SOUTH | KHADIA-14 | 2.39 | D |
| 3 | SOUTH | JAMALPUR-4 | 2.6 | D |
| 4 | SOUTH | MUNICIPLE GIRLS HIGH SCHOOL | 2.5 | D |
| 5 | SOUTH | KANKARIA-1 | 2.59 | D |
| 6 | SOUTH | VATAVA-3 | 2.29 | D |
| 7 | SOUTH | BAHERAMPURA URDU-5 | 2.18 | D |
| 8 | SOUTH | JAMALPUR URDU-6 | 2.78 | D |
| 9 | SOUTH | JAMALPUR URDU-14 | 1.74 | D |
| 10 | NORTH | DARIYAPUR-18 | 2.57 | D |
| 11 | NORTH | MEGHANINAGAR HINDI - 1 | 2.88 | D |
| 12 | NORTH | SARASPUR - 13 | 2.74 | D |
| 13 | NORTH | SARASPUR URDU - 1 | 2.71 | D |
| 14 | NORTH | KRUSHNANAGAR HINDI SHALA 1 | 2.36 | D |
| 15 | WEST | SHAHPUR 11 | 2.86 | D |
| 16 | WEST | DUDHESHWAR U 1 | 2.55 | D |
| 17 | WEST | SHAHIBAUGH 6 | 2.83 | D |
| 18 | WEST | BARDOLPURA 1 | 2.62 | D |
| 19 | EAST | BAPUNAGAR URDU SCHOOL NO.9 | 2.9 | D |
| 20 | EAST | GOMTI URDU SCHOOL NO.3 | 2.53 | D |
| 21 | EAST | GOMTI URDU SCHOOL NO.4 | 1.57 | D |
| 22 | EAST | RAJPUR GUJ.SCHOOL NO.9 | 2.83 | D |
| 23 | EAST | RAJPUR HINDI SCHOOL NO.5 | 2.65 | D |
| 24 | EAST | RAJPUR URDU SCHOOL NO.7 | 2.83 | D |
| 25 | EAST | AMRAIWADI GUJ.9 | 2.16 | D |
| 26 | EAST | AMRAIWADI HINDI 7 | 2.69 | D |
| 27 | EAST | THAKKARNAGAR HINDI 1 | 2.84 | D |